ગાંધીનગર સમાચાર

# દિયોદરમાં ડેન્ગ્યુના પાંચ કેસ મળતા તંત્રમાં દોડધામ

## ત્રણ વર્ષનો બાળક પણ ઝપટમાં : ૯ ટીમો દ્વારા ક્લોરીશનની કામગીરી હાથ ધરાઈ

દિયોદર, તા. ૨૦

દિયોદર પંથક તેમજ ગામડાઓમાં બદલાતી ઋતુના કારણે તાવ, મેલેરીયા જેવા રોગોએ માથુ ઉંચક્યુ છે. જેમાં દિયોદર અને જાડા ગામેથી શંકાસ્પદ ડેન્ગ્યુના પાંચ કેસ મળી આવતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. જેમાં આરોગ્ય દ્વારા અલગ અગ નવ ટીમો બનાવી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર તાલુકામાં બદલાતી ઋતુના કારણે આ વિસ્તારમાં રોગચાળાએ માથુ ઉંચક્યું છે. જેમાં છેલ્લા બે માસ દરમ્યાન દિયોદર શહેરમાં આવેલ આઝાદ ચોક, મોચીવાસ, સીપાઈવાસ તથા પરમાર વાસમાંથી શંકાસ્પદ ડેન્ગ્યુના ત્રણ કેસ મળી આવતા દર્દીઓને વધુ સારવાર અર્થે આગળ ખસેડાયા છે. જેમાં દિયોદર તાલુકાના જાડા ગામે પણ ડેન્ગ્યુના બે કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. જેમાં આ ગંભીર રોગ વધુ ન ફેલાય તે માટે આરોગ્ય દ્વારા અલગ અલગ નવ ટીમો બનાવી દિયોદર પંથક તેમજ જાડા ગામે ક્લોરીશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે દિયોદર શહેરમાં પણ ત્રણ વર્ષના બાળક વિવેક ઠાકોર પણ ડેન્ગ્યુના ઝપટમાં આવતા તેને પણ ડિસા ખાતે સારવાર અર્થે ખસેડાયો છે. જેમાં અત્યારે આ બાળકની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળી આવ્યું છે.



# અરવલ્લી જિલ્લામાં હનુમાન જયંતિની તડામાર તૈયારીઓ

## અલ્હાબાદના ત્રિવેણી સંગમ અને સાકરીયામાં સૂતેલા હનુમાનજીની અલભ્ય મૂર્તિ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં ૧૦૦થી વધુ હનુમાનજીના મંદિરો આવેલા છે. હનુમાન જયંતિને બે જ દિવસનો સમય બાકી રહ્યો છે ત્યારે હનુમાન દાદાના મંદિરોમાં દબદબાભેર ઉજવણીની તૈયારીઓ હાથ ધરાઈ છે. મોડાસા તાલુકાના સાકરીયા ગામે આવેલ અતિ પૌરાણીક અને સમગ્ર વિશ્વમાં અલ્હાબાદના ત્રિવેણી સંગમ બાદ સૂતેલા હનુમાન દાદાની મૂર્તિ આવેલી છે. આ મંદિરમાં રહેલી સ્વયંભૂ હનુમાન દાદાની મૂર્તિ પાંડવકાળથી હોવાની માન્યતા છે. સાકરિયા ગામ અને હનુમાનજીના ભક્તો દ્વારા હનુમાન જયંતિની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે ઉજવવા કામે લાગી ગયા છે.

મોડાસાના સાકરીયા ગામે આવેલ હનુમાનજીના મંદિરમાં જોવા મળતી સૂતેલા હનુમાનજીની મૂર્તિ દુર્લભ છે. આ મૂર્તિ અલ્હાબાદના ત્રિવેણી સંગમ ખાતે આવેલી છે અને વિશ્વમાં બીજી જગ્યાએ સાકરીયા ગામે તેના દર્શનનો લ્હાવો પ્રાપ્ત થાય છે. જિલ્લાના સમગ્ર હનુમાન મંદિરોમાં હનુમાન જયંતિની ઉજવણી કરવામાં હનુમાન ભક્તો મગ્ન બની ગયા છે. હનુમાન જયંતિ



નિમિત્તે મંદિરોમાં રંગરોગાન, હનુમાન દાદાના વાઘા બદલાવવાનું અને રાત્રી દરમિયાન રોશનીથી મંદિર જળહળી ઉઠે તે માટે વિશેષ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

સાકરીયા ગામે આવેલ હનુમાનદાદાનું મંદિર વર્ષો જુનુ પૌરાણીક મંદિર મૂળ પાંડવ વર્ષ વખતનું હોય તેવુ માનવામાં આવી રહ્યું છે. કારણ કે નજીકમાં આવેલા કલેશ્વરી ખાતે ભીમ પગલાના અવશેષો છે. જ્યારે કલેશ્વરીથી ભીડભંજન હનુમાનજી મંદિર સુધીના ગાઢ જંગલો હિડંબાવન તરીકે ઓળખાય છે. ધાર્મિક કથાઓ અનુસાર ભીમને પોતાની શક્તિ માટે અભિમાન આવી ગયુ હતુ ત્યારે હનુમાનજીએ રસ્તો રોકી ભીમનુ અભિમાન ઉતાર્યુ હતું. તે સમયે હનુમાનજી રસ્તા વચ્ચે જે મુદ્રામાં સુઈ ગયા હતા તે પ્રમાણેની મૂર્તિનું રૂપ સાકરીયામાં જોવા મળે છે. તેમજ હનુમાન દાદાની મૂર્તિ સ્વયંભુ પ્રગટ થયેલી છે. તદ્ઉપરાંત મંદિરના પટાંગણમાં ખોદકામ દરમિયાન ત્રણ વર્ષ અગાઉ અન્ય જુનિ મૂર્તિઓ મળી આવી હતી.

મંદિરના પટાંગણમાં વાવ, જુનિ કોતરણીવાળા અવશેષો અને શિલ્પકાળના નમુના પરથી આ મંદિર પાંડવોના વખતનું માનવામાં આવે છે. દર શનિવારે અને મંગળવારે રાજ્યના અને અન્ય રાજ્યોના હનુમાન ભક્તો દર્શનાર્થે આવે છે. હનુમાન જયંતિ નિમિત્તે સુતેલા હનુમાન મંદિરના પ્રમુખ આશીષ પટેલના જણાવ્યા અનુસાર સમગ્ર જિલ્લા તેમજ આજુબાજુના જિલ્લા અને રાજ્યમાંથી અંદાજે ૩૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ હનુમાનદાદાના દર્શન કરી પ્રસાદીનો લાભ લેશે તેમજ મંદિર પરિસરમાં યોજાનારા મહાયજ્ઞમાં ૧૦૦થી વધુ યજમાનો બેસી પૂજા કરશે.

# સાઠંબા પોલીસે વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપ્યો

## ૪૮૦ પેટી વિદેશી દારૂની કિંમત આશરે ૧૫,૭૯,૭૦૦ થાય છે

ધનસુરા, તા. ૨૦

ગુજરાત રાજ્યમાં નશાબંધીના કડક અમલ માટે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલ સામાજિક સંગઠનની ઝુંબેશને સફળ બનાવવા અરવલ્લી જિલ્લા પોલીસ તંત્રએ કમર કસી હોય તેવું જણાઈ રહ્યું છે. અરવલ્લી સરહદી જિલ્લો હોવાને લીધે પરપ્રાંતમાંથી વિદેશી દારૂની મોટા પાયે થતી હેરાફેરી રોકવા માટે અરવલ્લી જિલ્લા પોલીસવડાની સૂચનાને અનુસરી સાઠંબા પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. અશોક પટેલ દ્વારા અસામાજીક તત્વો સામે કડક પગલાં ભરવાની શરૂઆત થતા સાઠંબા પંથકની પ્રજામાં રાહતની લાગણી જોવા મળે છે.

પોલીસતંત્ર દ્વારા નશાબંધીના કડક અમલ માટે શરૂ થયેલ ઝુંબેશના ભાગરૂપે સાઠંબા પો. સ્ટેશનના પો.સ.ઈ.એ અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરના માર્ગદર્શન હેઠળ બાતમીને આધારે સાઠંબા નજીક આવેલ સીમલીયા ગામની સીમમાં મોડી રાત્રે રેડ પાડી આશરે ૧૫,૭૯,૭૦૦ રૂપિયાનો કુલ ૪૮૦ પેટી બોટલો જેટલો વિદેશી દારૂ ઝડપી લઈ મોટુ ઓપરેશન પાર પાડ્યું છે.

આ પંથકના કુખ્યાત બુટલેગરો આ પંથકમાં દારૂની હેરાફેરી કરતા હતા જેની બાતમીને આધારે પોલીસે રેડ પાડી હતી. જો કે પોલીસ ઓપરેશન પાર પાડે તે અગાઉ સમય સૂચકતા વાપરી આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે. સાઠંબા પો. સ્ટેશનના પો.સ.ઈ. અને પોલીસ કર્મીઓની નશાબંધી સામેની સફળ ઝુંબેશને અરવલ્લી જિલ્લા પો. વડા કે.એન. ડામોરે બિરદાવી પો. કર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# મેઘરજ આઈટીઆઈમાંથી કમ્પ્યુટરનો મુદામાલ ચોરી તસ્કરોએ દરવાજા બહાર લાવી સળગાવી દીધો

મોડાસા, તા. ૨૦

મેઘરજમાં માલપુર રોડ પર આવેલ આઈટીઆઈ કોલેજમાં ગત રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા હતા અને કોલેજમાંથી ચોરી કરી માલ મિલ્કતને નુકશાન પહોંચાડ્યું હતુ. એક જ અઠવાડિયામાં બીજાવાર એલસીડી ટીવી જેની આશરે કિં. ૧૫ હજાર, સીસીટીવીનું રીસીવર કિં. ૨ હજાર, સીસ કંપનીનું સીપીયુ તથા મોડમ બંનેની આશરે કિં. રૂ. ૪૦ હજાર કોમ્બીનેશન પ્લાયર નં. ૩ જેની આશરે કિ. ૩૦૦ એમ્પીયર મીટર નં. ૧ જેની આશરે કિ. ૫૦૦ ઘટનાસ્થળનું જીણવટભર્યુ નિરીક્ષણ કર્યું હતું.

ચોરો દ્વારા સીસીટીવી કેમેરાઓ અને રીસીવર બહાર લાવી સળગાવી દઈ પુરાવાઓ નાશ કરવાનો પ્રયત્ન કર્યો.

રાત્રિના સમયે બે સીક્યુરીટી





મેઘરજમાં ચોરી થતાં મેઘરજનગરના લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. ચોરોએ જે પ્રમાણે ઘટનાને અંજામ આપ્યો તે પરથી તો ચોરો અન્ય કોઈ ઈરાદે આવ્યા હોવાનું જણાઈ રહ્યું છે. રાત્રિના સમયે અજાણ્યા ઈસમોએ આઈટીઆઈ કોલેજમાં પ્રવેશી મેઈન લોખંડના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી અંદર આવેલ ચેમ્બરરૂમ, ફોરમેનરૂમ, વહીવટી ઓફિસ તથા લાયબ્રેરીરૂમના તાળા તોડી દરવાજાના કાચની તોડફોડ કરી અંદર પ્રવેશીને વિડિયોકોન કંપનીનું આમ કુલ મળી કિંમત રૂ. ૯૮,૮૦૦ની ચોરી કરી હતી. આઈટીઆઈ કોલેજમાંથી ચોરેલ કોમ્પ્યુટર સીપીયુ સહિતના માલસામાનને કોલેજના ગેટની બહાર સળગાવી દેવામાં આવ્યો હતો. પોલીસે એફ.એસ.એલ. અંગે ડૉગ સ્કોડને જાણ કરી છે. મેઘરજ પોલીસને રાત્રીના સમયે પેટ્રોલીંગ દરમિયાન આ આગ કેમ ના દેખાઈ તે મોટો પ્રશ્ન ઉભો થાય છે. આ ઘટનાની જાણ ડીવાયએસપી બડોલીયાને થતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ગાર્ડ ફરજ ઉપર હોવા છતાં પણ તસ્કરો ચોરી કરી ગયા અને માલસામાનને આટીઆઈ કોલેજની બાજુમાં સળગાવી દીધો પરંતુ સીક્યુરીટી ગાર્ડોને ખબર પડી ન હતી.

વહીવટી રૂમમાંથી ચાવીઓ કાઢીને દરવાજાઓ ખોલવામાં આવ્યા હતા. જેના આધારે ચોર જાણ ભેદુ હોવાની આશંકાઓ સેવાઈ રહી છે. તેમજ ચોરી કરેલ માલસમાનને સળગાવી દેતા ચોર અન્ય કોઈ ઈરાદે કોલેજમાં ઘુસ્યો હોવાની શંકા ઉપજવા પામી છે.

## સાગપુર પાસે બાઈક પરથી પટકાતા ચાલકનું મોત

હિંમતનગર, તા. ૨૦

તલોદ તાલુકાના સાગપુરથી રાણીપુરા જતા માર્ગ પર થઈને સોમવારે પસાર થઈ રહેલ બાયડ તાલુકાના ચાંદરેજ ગામના ભીખુસિંહ જીવસિંહ ચૌહાણે ગફલતભરી રીતે બાઈક નં. જીજે.૯.એઆર.૭૨૪૭ને નીચે પાડી દેતાં ગંભીર ઈજાને કારણે તેમનું મોત નિપજયુ હતું. જે અંગે નવલસિંહ રામસિંહ ચૌહાણે બાઈક ચાલક વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## કાલીકંકરમાં છોકરી વેચવા બાબતે ઝઘડો થતાં ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

પોશીના તાલુકાના કાલીકંકર ગામે ગત રવિવારે છોકરી વેચવા બાબતે થયેલા ઝઘડામાં ત્રણ જણાએ એક શખ્સ પર હુમલો કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગેની ફરિયાદ સોમવારે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. કાલીકંકર ગામના કિસનભાઈ કેવડાભાઈ ગમાર, મહેન્દ્રભાઈ કેવડાભાઈ ગમાર અને બિપીનભાઈ કેવડાભાઈ ગમારે રવિવારે હીરાભાઈ સોલંકીના ઘરે આવીને કીરુબેનને પુછયુ હતું કે હીરાભાઈ કયાં છે. પરંતુ તેઓ બહારગામ ગયા હોવાનું કહેતા ત્રણેય જણાએ કહ્યું હતું કે છોકરી વેચવાના ગુનામાં અમને કેમ ફસાવો છો તેમ કહી કિસનભાઈએ કીરુબેનને લાકડી મારી ગુપ્ત ભાગે ઈજા પહોંચાડી હતી. જેથી કીરુબેને બૂમાબૂમ કરતા ઘરમાંથી રક્ષાબેન દોડી આવ્યા હતા. જેથી ત્રણેય જણાએ તેણીને પણ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી કીરુબેન સોલંકીએ કાલીકંકર ગામના ત્રણેય જણા વિરૂદ્ધ સોમવારે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# શક્તિપીઠ અંબાજી મંદિરમાં શ્રીમદ્ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનો શુભારંભ

અંબાજી, તા. ૨૦

જગપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરના ચાચર ચોકમાં ગઈકાલે રાત્રે શ્રીમદ્ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનો દિવ્ય શુભારંભ થયો હતો.

મંદિરના પ્રવેશદ્વારથી શરણાઈના નાદ સાથે પોથીયાત્રા જયઅંબેના જયઘોષ સાથે ભાવિકોની વિશાળ હાજરીમાં પ.પૂ. ચુંડડીવાળા માતાજીએ પ્રારંભ કરાવ્યો હતો અને પોથીયાત્રામાં જોડાયા હતા.

પોથીયાત્રા કથાસ્થળે પહોંચતા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષી, વહીવટદાર જી.પી. બ્રહ્મભટ્ટ, નાયબ વહીવટદાર ગીરીશભાઈ પટેલ, અંબાજી નગરના અગ્રણીઓ વિગેરે સરિતાદેવીજી અને પૂ. ચુંદડીવાળા માતાજી અને ભક્ત સમુદાયનું સ્વાગત કર્યું હતું.

દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું વ્યાસપીઠ ઉપર મંગલદીપ ચુંદળીવાળા માતાજી તેમજ ગણપતભાઈ જોષી અને બ્રહ્મભટ્ટે પ્રગટાવી શુભારંભ કરાવ્યો હતો.

કથાના પ્રવક્તા સરિતાદેવીજીએ કથાના પ્રારંભે બોલતા જણાવ્યું હતું કે ચાચરચોકમાં મા આદ્યશક્તિ જગદંબાના ખોળામાં બેસીને માના ગુણ ગાન નવ દિવસ સુધી ગાવાનો મને જે અવસર મળ્યો છે તે બદલ હું અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટનો આભાર માનુ છું.

આજની કથાના પ્રથમ દિવસે શ્રીમદ્ દેવી ભાગવત કથાનો પુરાણોક્ત ઈતિહાસ જણાવી પૃથ્વી ઉપર સૌ પ્રથમ શ્રીમદ્ દેવી ભાગવત કથા ભગવાન શ્રીકૃષ્ણના માતા-પિતા વાસુદેવ અને દેવકીજીએ દ્વારિકામાં કર્યાનું જણાવ્યું હતું.

અંબાજીના ચાચર ચોકમાં ગતરોજ આરંભાયેલ શ્રીમદ્ દેવીભાગવત જ્ઞાન યજ્ઞ સપ્તાહ આગામી તા. ૨૭ એપ્રિલ સુધી દરરોજ રાત્રે ૭.૩૦થી ૧૦.૩૦ સુધી અવિરત ચાલશે. અંબાજી નગરના ભાવિક ભાઈ બહેનો ચોકમાં કથાશ્રવણ માટે બેઠક વ્યવસ્થાનું આયોજન આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે.




શ્રી અરવલ્લી આદિજાતિ વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદીર,ભિલોડામાં દ્વિતીય વાર્ષિકોત્સવ-પ્રયાસ અને સાંસ્કૃતિક કાર્યક્રમ ધામધુમથી ઉજવાયો હતો.ભિલોડા શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદીરમાં દ્વિતીય વાર્ષિકોત્સવ-પ્રયાસ અને સાંસ્કૃતિક કાર્યક્રમને અગ્રણીઓએ દિપ પ્રાગટ્ય કર્યા બાદ દબદબાભેર આનંદ,ઉત્સાહપુર્વક ઉજવણી કરાઈ હતી.શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદીરના વિદ્યાર્થીઓએ વાર્ષિકોત્સવની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ પ્રસંગે શ્રી અરવલ્લી આદિજાતિ વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ ટ્રસ્ટી પ્રકાશભાઈ સડાત,પ્રશાંતભાઈ પાટડીયા,અરવલ્લી જીલ્લા ડી.એસ.પી. કે.એન.ડામોર,ધનજીભાઈ નિનામા મહામંત્રી અરવલ્લી જીલ્લા પ્રાથમીક શિક્ષક સંઘ મોડાસા,જે.બી.મોડીયા ભિલોડા ટી.ડી.ઓ.,ડી.ડી.વણકર તાલુકા પ્રા.શિક્ષણાધિકારી, ચિરાગભાઈ નિનામા એન્જીનીયર R & B ભિલોડા,ભાવિનભાઈ તબીયાર ક્લાર્ક R & B ભિલોડા,ભિલોડા તા.પં.પ્રમુખ કુંદનબેન ડામોર,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ,બલભદ્રસિંહ ચંપાવત,શૈલેષભાઈ સોની સહિત અગ્રણી આગેવાનો,શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદીરનો સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓના માતા-પિતાઓ,વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદીરમાં દ્વિતીય વાર્ષિકોત્સવ-પ્રયાસ અને સાંસ્કૃતિક કાર્યક્રમ સંદર્ભે ઉપસ્થિત મહેમાનોએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે મહાનગરોમાં પણ ન જોવા મળે તેવું શિક્ષણ અને સંસ્કૃતિનો સુભગ સમન્વયનો કાર્યક્રમ જોવા મળી રહ્યો છે.

## આજે હિંમતનગરમાં પાટીદારોની બેઠક યોજાશે

હિંમતનગર, તા. ૨૦

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન છેલ્લા ઘણા મહિનાઓથી ચાલી રહ્યુ છે ત્યારે ઉમિયા પરિવાર હિંમતનગર દ્વારા બુધવારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલા કડવા, લેઉઆ અને કચ્છી પાટીદારો સહિત અન્ય ગોળોનું સંગઠન બનાવવા તથા સમાજમાં ચાલતા કુરિવાજો નિવારવા ઉપરાંત પાટીદાર સમાજને સ્પર્શતા બેકારી અને શિક્ષણમાં એડમિશન લેવા અંગે ચર્ચા કરવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તા. ૯ મે ના રોજ હિંમતનગર ખાતે યોજાનાર પાટીદાર એકતાયાત્રા અંગે ચર્ચા કરવામાં આવશે.

## આતરસુંબામાં મકાનમાંથી ૧.૫૬ લાખની ચોરી

હિંમતનગર, તા. ૨૦

વિજયનગર તાલુકાના આતરસુંબા ગામે આવેલ લક્ષ્મી મિશન મંગલમ મંડળના મકાનમાં રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી મકાનમાંથી ૩૨ હજાર રોકડ, ૮૮ હજારના ત્રણ કેમેરા તથા ૩૬૯૦૦ના કમ્પ્યુટર મળી ૧.૫૬ લાખ ચોરી કરી લઈ ગયા હતા.

## આંતરસુંબામાં જુની અદાવત રાખી ઈજા પહોંચાડતા ચાર વિરૂદ્ધ ફરિયાદ

વિજયનગર તાલુકાના આતરસુંબા ગામે અગાઉ થયેલા ઝઘડાની અદાવતી રાખીને ગત ૧૧ એપ્રિલના રોજ આતરસુંબાના વસંતભાઈ વીરજીભાઈ સોથા સાથે જીતેન્દ્રભાઈ હરજીભાઈ સોથા, લાલજીભાઈ કાળુભાઈ સોથા, દિલીપભાઈ કાળુભાઈ સોથા અને કાળુભાઈ વીરજીભાઈ સોથાએ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને છુટા પથ્થરો મારી ઈજા પહોંચાડી હતી.

# હિંમતનગરમાં બ્રહ્માણીનગરની સગીરાનું અપહરણ

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરના બ્રહ્માણીનગરમાં રહેતી એક સગીરાને રવિવારે સવારે વિજયનગર તાલુકાના નવા ગામનો યુવક લગ્ન કરવાના ઈરાદે લલચાવી-ફોસલાવી મહેતાપુરામાંથી ભગાડી જતા સગીરાના પિતાએ મંગળવારે હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મામલો દર્જ કરાવ્યો છે. પોલીસે સગીરાના પિતાની ફરિયાદ આધારે યુવક તેમજ તેના માતા-પિતા વિરૂધ્ધ અપહરણનો ગુનો દર્જ કરી લઈ મામલાની તપાસ લોકલ ક્રાઈમ બ્રાન્ચને સોંપી છે.

સગીરાના અપહરણના મામલે પ્રાપ્ત વિગત અનુસાર વિજયનગર તાલુકાના નવા ગામ ખાતે રહેતા શૈલેષ વાલજીભાઈ નિનામાએ ગત રવિવારે હિંમતનગરના બ્રહ્માણીનગરમાં રહેતી કિશોરી સાથે લગ્ન કરવાના ઈરાદે લલચાવી-ફોસલાવી હતી અને સવારના સાડા દસેકના સુમારે કિશોરીને મહેતાપુરામાંથી ભગાડી ગયો હતો. કિશોરીના પરિવારજનોએ દિકરીની શોધખોળ કર્યા બાદ કોઈ અત્તોપત્તો ન મળતા અને વિજયનગરના નવા ગામનો યુવક તેણીને ભગાડી ગયાનું ધ્યાને આવતા સગીરાના પિતાએ ઘટના અંગેની મંગળવારે હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

હિંમતનગર બી-ડીવીઝન પોલીસે કિશોરીના પિતાની ફરિયાદ આધારે નવા ગામના યુવક શૈલેષ નિનામા, યુવકના પિતા વાલજીભાઈ હિરાભાઈ નિનામા અને માતા વર્ષાબેન નિનામા વિરૂધ્ધ સગીરાના અપહરણનો મામલો દર્જ કર્યો છે. આ મામલાની તપાસ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. જેથી કિશોરીને ભગાડી જનાર નવા ગામના યુવકની શોધખોળ કરવા ક્રાઈમ બ્રાન્ચે તપાસનો દોર શરૂ કર્યો છે.